## ખેંચની તાત્કાલિક સારવાર વખતે શું કરવું અને શું ન કરવું ?

### શું કરવું.

- દર્દીને ટેકો આપી આસપાસની જોખમી વસ્તુઓથી દૂર કરવી.
- કપડાં ઢીલા કરવા.
- ખેંચ પૂરી થાય ત્યારે દર્દીને એક પડખે સુવડાવવો.
- જો ખેંચ લાંબી ચાલે / તરત બીજી ખેંચ આવે તો નજીકની હોસ્પિટલનો ઈમરજન્સી નંબર ડાયલ કરવો.

### શું ન કરવું.

- કોઈ વસ્તુ / દવા / પ્રવાહી દર્દીના મોઢામાં ન નાખવી.
- હાથ, પગ, માથાને દબાણપૂર્વક ખેંચવા નહીં.
- કોઈ ખોરાક આપવો નહીં.

## એપીલેપ્સી ક્લિનિક નો લાભ વિશેષ કરીને કોણે લેવો ?

- એપીલેપ્સી ધરાવતા દર્દીઓને જ્યારે દવાઓની આડઅસર થતી હોય.
- બે કે તેથી વધુ દવા લેવા છતાં ખેંચ કાબુમાં ન આવતી હોય.
- ખેંચ ધરાવતી સ્ત્રીઓ / ગર્ભવતી સ્ત્રીઓ.

## કે.ડી. હોસ્પિટલમાં ઇલેક્ટ્રોડાઇગ્નોસ્ટિક સર્વિસ

- એડવાન્સ 32 ચેનલ ડિજીટલ ઈઈજી મશીન (સાથે પોર્ટેબિલિટી અને વિડીયો રેકોર્ડિંગ ફેસેલિટી)

## અન્ય સુવિધાઓ

- એમઆરઆઇ ૧.૫ ટી પ્રોવાઇડ ૩ ડી વોલ્યુમેટ્રિક ઇમેજિંગ કરેક્શન ઓફ મોશન ઇન રીઅલ ટાઇમ
- એડવાન્સ મલ્ટી-સ્લાઈસ કોંપ્યુટેડ ટોમોગ્રાફી (સીટી) સ્કેનર
- ખેંચની સર્જરી
- ન્યૂરોફિઝિશિયન, ન્યૂરોસર્જન, અને સાઇકાઇટિસ્ટ ની ટીમનો સમાવેશ થાય છે.

## વાઈમાં ખેંચનું નિવારણ




**Book an Appointment**
**079-66770000**

KD Hospital™
કુસુમ ધીરજલાલ હોસ્પિટલ

## Kusum Dhirajlal Hospital

Vaishno Devi Circle, S.G. Road, Ahmedabad - 382421

Call On: +91 79 6677 0000

www.kdhospital.co.in | KDHospitalOfficial | KD Hospital

KD Hospital™
કુસુમ ધીરજલાલ હોસ્પિટલ



# એપીલેપ્સી (ખેંચ/વાઈ) ક્લિનિક

"એપીલેપ્સીની સારવાર કરાવો, પ્રતિષ્ઠાથી જીવન જીવો"

**Emergency +91 79 6677 0001**

Website : www.kdhospital.co.in

## એપીલેપ્સી એટલે શું ?

મગજના કોષોની સામાન્ય સ્થિતિમાં અચાનક અનિયમિતતાથી વર્તનમાં થતાં ફેરફાર, હાથ-પગ કડક થવા, ઝટકા આવીને બેભાન થવાની તકલીફને ખેંચ કહે છે.

કોઇ વ્યક્તિને બે કે તેથી વધુ ખેંચ આવવાની બીમારીને એપીલેપ્સી કહે છે.

## ખેંચના પ્રકાર કયા છે ?
## શું ખેંચ આવવાની અગાઉથી જાણ થઈ શકે ?

ખેંચ બે પ્રકારની હોય છે.

૧. **આંશિક (ફોકલ)**
શરીરના કોઇ ભાગ ક્રિયાને અસર કરે છે.

૨. **પૂર્ણ (જનરલાઈઝ્ડ)**
સમગ્ર શરીરમાં એક સાથે અસર કરે છે.
ઘણા દર્દીઓને ખેંચ આવતા પહેલા થોડી સેકન્ડો / મિનિટો પહેલા તેનો ખ્યાલ અમુક ચિહ્નો ધ્વારા આવે છે. જેને ઓરા કહે છે.

## ખેંચ વિશેની હકીકતો


- એપીલેપ્સી હાલમાં વિશ્વમાં વિકલાંગતા (ડીસએબીલીટી) માટેની પાંચમી સૌથી મહત્વની મગજની બીમારી છે.
- એપીલેપ્સી ચેપી રોગ નથી.
- એપીલેપ્સી તાજા જન્મેલા બાળકથી લઈ નેવું વર્ષની ઉંમરની વૃદ્ધ વ્યક્તિ સુધી થઈ શકે છે.
- દર ૧૬૦ વ્યક્તિએ એક ને એપીલેપ્સી જીવનકાળ દરમિયાન થઈ શકે છે.
- દર ૨૦ વ્યક્તિએ એક ને જીવનમાં એક વાર ખેંચ આવી શકે છે.
- એક ખેંચ અમુક સેકન્ડથી માંડી ૬ મિનિટ સુધી ચાલી શકે છે.

## ખેંચના કારણો શું હોઈ શકે છે ?

- ઘણા ખરા કેસમાં ચોક્કસ કારણ જાણી શકાતું નથી.
- મગજની ગંભીર ઇજા, ગાંઠ, ઈન્ફેક્શન.
- જન્મ સમયે મગજમાં થયેલ નુકસાન.
- વારસાગત

## ખેંચના લક્ષણો શું છે?



ખેંચ


સ્થિર થઈ જવું


ઝટકા


હાથ પગ કડક થવા


અચાનક પડી જવું




જવાબ ન આપવો


હોઠનું હલન-ચલન


વારંવાર એક જ ક્રિયા કરવી


અચાનક વર્તનમાં બદલાવ


સમજણ શક્તિ જતી રહેવી

**અથવા ઉપરના કોઈપણ**

## ખેંચના નિદાન માટે કઈ તપાસ કરી શકાય ?

- **ઈ.ઈ.જી. (ઇલેક્ટ્રોએન્ટોફેલોગ્રામ)** - મગજમાં ઉત્પન્ન થતાં ઇલેક્ટ્રીક સીગ્નલ્સનું રેકોર્ડિંગ કરે છે.
- **એમ.આર.આઇ / સી.ટી. સ્કેન બ્રેઇન** - મગજની અંદર કોઇ ગાંઠ, ઇજા, વિકાસની ખામી વગેરેનું નિદાન કરે છે.
- **લોહીની તપાસ**
- **કમરમાંથી પાણી ખેંચવાની તપાસ** - મગજના ઈન્ફેક્શનના નિદાન માટે.

## અચાનક ખેંચનો હુમલો કયા પરિબળોથી આવી શકે ?

- ઉજાગરો
- ઉપવાસ
- દવા ભૂલી જવી
- વધુ પડતો શારીરિક શ્રમ
- દારૂ/નશાકારક પદાર્થનું સેવન
- સ્ત્રીઓમાં માસિકનો સમય, ગર્ભાવસ્થા
- માનસિક તણાવ
- ઝબુકતી લાઇટ/પેટર્ન.

## ખેંચના દર્દીની સારવાર કેવી રીતે થાય છે ?

- ખેંચ આવતી રોકવા માટે અલગ-અલગ દવાઓ ઉપલબ્ધ છે.
- દવા લેવા છતાં કાબૂમાં ન આવતી ખેંચ માટે ઓપરેશનથી સારવાર પણ શક્ય છે.

## ખેંચના દર્દીએ શું અગમચેતી રાખવી જોઈએ ?

- પોતાની ઓળખ માટે નામ, સરનામું, નજીકના સગા/મિત્રનો મોબાઈલ નંબર, હોસ્પિટલ/ક્લિનિક નો ઈમરજન્સી નંબર.
- જ્યારે બહારગામ જવાનું થાય ત્યારે દવાનો પૂરતો જથ્થો સાથે રાખવો.
- પોતાની સાથે/આસપાસ રહેતા મિત્રો/પડોશી, ઓફિસ/સ્કૂલ માં કામ કરતાં સહકર્મચારી/શિક્ષક ને બીમારીની અગાઉથી જાણ કરવી.